સમસ્ત નાગર જ્ઞાતિ મુખપત્ર-પ્રકાશન : દર માસની ૩૦ તારીખ

કલમ કડછી બરછી

શિક્ષણ સેવા સંરક્ષણ



૫૦

સુવર્ણ જયંતિ વર્ષ

તંત્રી :
વિરેન શાં. ધોળકિયા
લવાજમ :
વાર્ષિક રૂ. ૧૫૦/-
વર્ષ :
ઓગષ્ટ થી જુલાઈ

# રાશિ ચડે કે કર્મ





રાશિ ચડે કે કર્મ, કોણ કહેશે, આ કહાણી...
રામ - રાવણ એક જ રાશિ, ભાગ્યની આ કેવી લહાણી;
એક ઉચ્ચ અવતારી આત્મા, બ્રહ્મ શાશ્વત અવિનાશી
બીજો બદનામી સાથે, લઈને ફરતો લખચોર્યાસી ફેરા.
કૃષ્ણ - કંસ પણ એક જ રાશિ, આ તે કેવી બલિહારી;
એક પૂર્ણ યોગીક આત્મા, વદે ધર્મની વાણી,
બીજો માનવ બન્યો દાનવ, અધર્મીને અવિચારી,
કૃષ્ણ પૂજાયે ઈશ્વર બનીને, કંસની મીટ ગઈ નિશાની.
શબરી - સુપર્ણખા, એક જ રાશિ, આ પણ ખરી એક નવાઈ;
એક એ ખાધેલાં બોરાંભરીને પ્રેમથી ધર્યા રઘુરાયને,
બીજી વાસનાયુકત બનીને કરવા બેઠી ભારે મોટી ભવાઈ,
રામ દર્શને મોક્ષ શબરીને, સુપર્ણખા અપમાનીત થવાઈ,
રાધા-રુકમણિની એક જ રાશિ, ગોવિંદથી બંન્ને ને પ્રેમસગાઈ;
રાધાજીના સ્નેહે અશ્રુમાં યોગેશ્વર ગયા તણાઈ,
રુકમણીજીના ઠસ્સા, જુસ્સાથી માધવ ગયા માત્ર મુસ્કરાઈ,
કૃષ્ણ સ્મરણમાં રાધા અમર છે, રુકમણી દ્વારકામાંજ વીસરાણી.





– રઘુવીર ન. ખારોડ, અમદાવાદ

વર્ષ : ૫૦ અંક : ૧૧
જૂન – ૨૦૧૪
બરછી કાર્યાલય, C/o. ફાઇન આર્ટ પ્રિન્ટર્સ,
કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ગર્લ્સ હાઇસ્કુલ બિલ્ડીંગ, રાજકોટ - ૧.
ફોન : ૦૨૮૧ - ૨૪૫૩૦૬૩ મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫ Email : barchhi@rediffmail.com Web : www.barchhi.com

# મા અંબાના દ્વારે નાગરો દ્વારા રાત્રિ પૂજન – અનેરો લ્હાવો

છેલ્લા ત્રણ વર્ષથી ચૈત્ર માસના અંતિમ દિવસોમાં સરકાર દ્વારા, હાટકેશ પુત્રોને, આરાસુરી અંબાના ચરણની રાત્રિ પૂજનની અનુમતિ ખાસ હકક રૂપે મળેલી છે. આ વેળા રાત્રિ પૂજનના દિવસો હતા તા. ૨૦–૪ થી ૨૬–૪ સાત દિવસ. અને આ માટેની સમગ્ર વ્યવસ્થાનું સંચાલન અને આયોજન સમગ્ર ગુજરાત નાગર પરિષદ(મહામંડળ) દ્વારા કરવામાં આવેલ. પ્રતિદિનના એકસો પચાસ લેખે, સાત દિવસ અનેક શ્રધ્ધાળુઓએ માતાજીના ચરણમાંમાથું ટેકવ્યાનો સુવર્ણ અવસર મેળવ્યો. અમો પણ એક દિવસ ગયેલા અને માના આભા મંડળની સમીપ સહ પરિવાર સહૃદય પૂજા, અર્ચના, ઉપાસના કરી ધન્યતા અનુભવી.આ માટે આગળથી મહામંડળ પાસે રૂા ૧૦૦ ભરી રજીસ્ટ્રેશન કરાવવાનું હોય છે. ફોર્મમાં જણાવેલા નિયમોનું ચુસ્તપણે પાલન કરી તમોને ફાળવવમાંઆવેલ દિવસે બપોરના એક પહેલા અંબાજી પહોંચી જવાનું હોય છે. માના પૂજન પહેલાં મંડળ તરફથી બપોરના એક વાગ્યે વિસનગરા મ્હાડમાં ફળાહાર કર્યો. અમોએ પણ અમદાવાદથી વહેલી સવારે ઉપડી, સ્વખર્ચે કરેલી રહેવાની વ્યવસ્થા સ્થળે પહોંચી, ફ્રેશ થઈ ફરાળ કરવા પહોંચી ગયા અને ફરાળમાં રસ–રાજગરાની પુરી, સુકીભાજી વિગેરેને ન્યાય આપ્યો. ત્યારબાદ ચાર વાગ્યા સુધી ખુલ્લા રહેતાં મંદિરમાંદર્શન કરી આવાસ પર આવી આરામ કર્યો. રાત્રે આઠ વાગ્યે સ્ત્રી પુરૂષ સર્વેએ સ્નાન કરી માઢ પર પહોંચવાનું હતું. પુરૂષોએ પિતાંબર–અબોટિયાં તો બહેનોએ શુધ્ધ રેશમી લાલ–લીલા રંગની સાડી પરિધાન કરેલ. અને સૌ વિસનગરા મ્હાડ પર પહોંચ્યા. ત્યાં પ્રસ્થાપિત માની મૂર્તિ સમક્ષ બહેનોએ બેઠા ગરબાની રમઝટ બોલાવી. અને ફરતા ગરબા પણ લીધા. એક કલાકના આ ભકિતમય વાતાવરણના સ્પંદનો ઝીલતાં સૌ નવ કલાકે રાત્રે વી આઈ પી ગેઈટ થી મંદિર પરિસરમાં પહોંચ્યા. પૂજન માટે શ્રીફળ, દીવો, અગરબતી, કંકુ કે અન્ય સામગ્રી લઈ જવા પર નિષેધ છે. માત્ર નાની ડીશ, થાળીમાં સુકામેવાનો પ્રસાદ લઈ જવાનો હતો. દરેક પૂજકોને ફોટા સાથેના ઓળખપત્ર આપવામાં આવેલ. અંદર  પ્રવેશ મેળવી માની સન્મુખ મંદિર કક્ષમાં ધ્યાનમય અવસ્થામાં બેસવાનુંહતું. નિરવ શાંતિ... આખા મંદિર પરિસરમાં–ચાચર ચોકમાંનાગર  સિવાય અન્ય કોઈને પ્રવેશ નહીં. વારાફરતી બધાને મંદિર ગર્ભગૃહમાં કુટુંબના સભ્યો સાથે પ્રવેશ અપાયો. પ્રત્યેકને આપવામાંઆવેલ ગુલાબ પુષ્પો વડે સૌએ માના ચરણકમળની પૂજા કરી અને સૌએ મનોકામના પૂર્ણ કરવા માટે પ્રાર્થના કરી. લગભગ અઢી કલાકમાંસૌ એ વારાફરતી માની પૂજા કરી. અને ત્યારબાદ નાગર સન્નારી દ્વારા બનાવેલ સુમધુર રસોઈનો થાળ ધરવામાંઆવ્યો. સૌએ શક્રાદય સ્તુતિનો પાઠ અને ત્યારબાદ માની આરતી ઉતારવામાં આવી. આમ, પૂરા સાડા ત્રણ કલાક સુધી માની આરાધના કરવાનો અનેરો અવસર અમોને પ્રાપ્ત થયો. સૌએ પાછા વિસનગરા નાગર મ્હાડમાં એકત્ર થઈ લાડુ, પુરી શાક, ભજીયા, રાયતું  વિગેરે થાળની પ્રસાદી રૂપે લીધું. અનેક વાર અંબાજી જવાનું થયું છે પરંતુ આવો લાભ પહેલી વાર મળ્યો. મહામંડળના પ્રમુખશ્રી નરેશભાઈ રાજાએ સમગ્ર વ્યવસ્થાનું  સુચારૂ સંચાલન કરી સૌની સરાહના મેળવી.. વ્યવસ્થામાં સહાયરૂપ થવામાં અન્ય સહાયકો હતા...શ્રીમતી રીતા રાજા, નમન રાજા,જગદીશભાઈ અને બેલાબહેન જહા,ગીરીશભાઈ ભારતીબહેન ત્રિવેદી, રશ્મિભાઈપાઠક, સુભાષ ભાઈભટ્ટ, ધર્મેશભાઈ દેસાઈ, જયેશભાઈ  અને રન્નાબહેન મહારાજા અને શ્રી નીલકંઠભાઈ  ધોળકીયા.

– મહેશભાઈ વસાવડા, અમદાવાદ

## ચિ. યેશા વૈશ્નવ–એસ.એસ.સી.માં ૯૭%



તાજેતરમાં લેવાયેલ એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં જામનગર સ્થિત શ્રીમતી ઉષ્મા રાજીવ વૈશ્નવનાં પુત્રી ચિ. યેશાએ ૯૭% સાથે તેમની સત્યસાંઈ હાઈસ્કૂલમાં બીજું સ્થાન મેળવી ઉત્તીર્ણ થતાં  શાળા તરફથી શિષ્યવૃત્તી મેળવી. કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષનાર ચિ. યેશા જામનગરના શ્રી કિરણભાઈ ડી. વૈશ્નવ (સિવિલ એન્જીનીયર) અને શ્રીમતી પન્નાબેનનાં પૌત્રી થાય છે. અભિનંદન.



ઓનલાઈન સિવાયના દરેક ગ્રાહકનું લવાજમ આવતા માસમાં પૂરૂં થશે...દરેક પાનાની લીટી વાંચી જશો.

## <u>જ્ઞાતિ પરિવારને ગૌરવાન્વિત કરતા તેજસ્વી તારકો</u>

### એચ.એસ.સી. બોર્ડમાં પ્રથમ સ્થાને કુ. પંકિત ખારોડ



'ગ્રીષ્મે જો તપી-તપીને અભ્ર ના રચાત
તો વર્ષાનાં વૈભવની મોજ ના મણાત...'

આનંદ અને ઉલ્લાસની વર્ષા,એનો વૈભવ અને મોજ કંઈક આવી જ ગાથા જૂનાગઢના ચેતનાબેન તથા ઉજ્જવલભાઈ(મકી)ખારોડના (ઘણા નાગરબંધુઓને) ઘરે ગવાય છે...તેમનાં પુત્રી કુ. પંકિત ખારોડે નિષ્ઠાપૂર્વક અભ્યાસ, અથાક મહેનત અને ઈશ્વર પરની અનન્ય શ્રધ્ધા થકી ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં ૭૫૦માંથી ૭૧૧ માર્કસ મેળવીને ૯૯.૯૯ પી.આર. સાથે ગુજરાત એચ.એસ.સી. બોર્ડમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે.

જૂનાગઢ નિવાસી શ્રી દીપુભાઈ કે. બક્ષી તથા સ્વ. મયુરાબેનનાં દોહિત્રી તથા શ્રી ભુલાભાઈ જી. ખારોડ તથા સ્વ. કાલિન્દ્રીબેનનાં પૌત્રી ચિ.પંકિતને પરિજનો મૌલિક શબ્દોમાં આમ આશીર્વાદ પાઠવે છે...

'કર ઉજ્જવલ તું સર્વ દિશામાં પરિવારનું નામ, પ્રથમ પંકિતમાં પૂછાય તેવાં ચેતનાપૂર્ણ કામ.'

ઉજ્જવલભાઈ જ્ઞાતિના સક્રીય સેવક છે તેમ ગત વર્ષથી બરછીના સેવાયજ્ઞમાં પ્રતિનિધિ તરીકે સહર્ષ જોડાયા છે. ચિ. પંકિતએ ઉપર મુજબની પંકિત સાર્થક કરી માતા પિતા,પરિવારનુંનામ રોશન કરતી સિદ્ધિ મેળવી છે...ત્યારે બરછી પરિવાર તરફથી અભિનંદન-શુભકામના.

### એચ.એસ.સી. બોર્ડમાં પાંચમા સ્થાને ધૈર્ય બુચ



રાજકોટ સ્થિત શ્રીમતી હર્ષિદા બીરેન બુચના પુત્ર ધૈર્ય બુચ તાજેતરમાં લેવાયેલ ગુજરાત એચ.એસ. સી. બોર્ડ(સા.પ્ર.) માં૯૯.૯૫% પીઆર સાથે સમગ્ર બોર્ડમાં પાંચમા ક્રમે અને કે.જી. ધોળકિયા સ્કૂલમાં બીજા ક્રમ સાથે ઉતીર્ણ થઈ,સી.એ. ના અભ્યાસક્રમમાં જોડાઇ કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ પ્રદાન કર્યું છે. ચિ. ધૈર્ય અ. સૌ. પ્રતિભાબેન રસિકભાઈ બુચના પૌત્ર અને ગં.સ્વ. કોકિલાબેન નરેન્દ્રભાઈ હાથીના દોહિત્ર થાય.

### કુ. શ્રેયા ધોળકિયા એચ.એસ.સી.માં ૯૯.૮૯



તાજેતરમાંલેવાયેલ ગુજરાત એચ.એસ. સી. બોર્ડ(વિ.પ્ર.) માંજૂનાગઢના વડોદરા સ્થિત શ્રી રાજીવ તથા સૌ. હિમાલી ધોળકિયાનાંપુત્રી કુ. શ્રેયાએ સેમેસ્ટર ૧થી ૪ના સરેરાશ પરિણામના ૯૬% અને ૯૯.૯૨% પીઆર સાથે ઉતીર્ણ થઈ કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ પ્રદાન કર્યું છે. ચિ. શ્રેયા અ. સૌ. દિવ્યપ્રભાબેન ભવ્યકાંતભાઈ ધોળકિયાના પૌત્રી અને ગાંધીનગર સ્થિત સૌ. મંદાબેન (મીતાબેન) ધ્રુવકુમાર

### કુ. પ્રાત્વી વૈષ્ણવ એચ.એસ.સી.માં ૯૭%

અમદાવાદ સ્થિત કુ. પ્રાત્વી વૈષ્ણવે ધોરણ ૧૨ (સાયન્સ..બી ગૃપ)માં ૯૭.૨% ગુણ મેળવી મણીનગરની બેસ્ટ હાઈસ્કૂલમાં પ્રથમ જયારે બોર્ડમાં અગ્રિમ સ્થાન મેળવેલ છે. કુ. પ્રાત્વી અ.સૌ. પ્રિતી અને વીરાંગ વૈષ્ણવનાં પુત્રી, અ.સૌ. રાજેશ્વરીબેન અને ઋષીકેશ માર્કંડરાય વૈષ્ણવનાં પૌત્રી તેમજ રાજકોટના અ.સૌ. વીભાબેન અને ધર્મકુમાર(યતિષભાઈ) પ્રસન્નકુમાર મહેતાનાં દોહિત્રી થાય.



જૂલાઇ-૧૪નો મળનાર અંક આ વર્ષનો છેલ્લો અંક હશે કારણ વર્ષ ઓગષ્ટથી જૂલાઈ ગણાય છે...

## અરીસ્ટા લાઈફ સાયન્સના દક્ષેષ જયંત માંકડને ગ્લોબલ એવોર્ડ



પૃથ્વીનું વધતું તાપમાન, અનેકાવિધ પ્રદૂષણોથી પર્યાવરણીય નુકસાન અટકાવવાનાં ભાગરૂપે અનેક સ્તરે સંશોધનો હાથ ધરાયેલ છે...અરીસ્ટા લાઈફ સાયન્સ કું. ના પગરણ ૨૦૧૧નાં વર્ષમાં ભારતમાં થયું. 'એગ્રો સાયન્સ' ક્ષેત્રે વિકાસ, વેંચાણ, ઉત્પાદકીય માળખાકીય ક્ષેત્રે સમગ્ર વિશ્વમાં ૧૨૫ દેશોમાં ફેલાયેલ ૫૦૦૦ થી વધારે કર્મચારી જૂથનું મકકમ મજબુત સંગઠન એટલે અરીસ્ટા લાઈફ સાયન્સ કું. વિશ્વની ૧૫ અગ્રીમ એગ્રો કેમીકલ્સ કંપનીમાં સ્થાન ધરાવતી આ કંપનીનાં વડોદરા સ્થિત 'હેડ ઓફ ધ ઈન્ડીયન મેન્યુફેકચરીંગ ઓપરેશન' દક્ષેષ જયંત માંકડને ગુણવતાના ધોરણે અને કાર્યપરાયણતા ને ઉચ્ચસ્તરે લાવવા, પર્યાવરણ સ્વાસ્થ્ય અને સલામતી ક્ષેત્રે નવી ઊંચાઈએ લઈ જવાના તથા વડોદરા ઔદ્યોગિક ગૃહને 'ઝીરો ડીસ્ચાર્જ' સ્તરે આણવાના ભાગરૂપે પસંદગી પામેલ વિશ્વના ૧૧ઔદ્યોગિક ગૃહો પૈકી ભારતની 'અરીસ્ટા લાઈફ સાયન્સ કું.' ના શ્રી માંકડને ગ્લોબલ એવોર્ડ પ્રાપ્ત થતાં સમગ્ર ગુજરાત, ભારતનું ગૌરવ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત થયેલ છે.

## ઈટીવીમાં એન્કર તરીકે પસંદગી પામતાં ડો. ઋત્વી વિરલ છાયા



જામનગરનાં રાહત દરે ડેન્ટલ કલીનીક ચલાવતાં ડો. ઋત્વી વિરલ છાયા ઈ ટીવી ગુજરાતીના સુપ્રસિધ્ધ શો, "ફલેવર્સ ઓફ ગુજરાત" માં એન્કર તરીકે પસંદગી પામ્યાં છે. જેનો પ્રથમ 'એપીસોડ' થોડા સમય પહેલા થયા બાદ તા. ૨૧ થી ૨૮ મે સુધી તેમના એપિસોડ ટેલીકાસ્ટ થયા. ડો. ઋત્વી જામનગર ખાતે સખી કલબ તેમ જ અનેક સંસ્થાઓ તથા જામનગર જુનીયર ચેમ્બર દ્વારા આયોજીત નવરાત્રી મહોત્સવમાં છેલ્લા બે વર્ષ થી એન્કર તરીકે સેવા આપી રહયાં છે. પિતા ડો. વિરલ છાયા અનેક સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. સારા વકતા હોવાથી તેમને એન્કર બનવાની તાલીમ તેમની પાસેથી મેળવી છે. એન્કર બનવા માટે જરૂરી ચહેરાના હાવભાવ તથા બોડી લેંન્ગ્વેજની ટ્રેઈનીંગ જાણીતા નાટયકાર અને એડવોકેટ શ્રી વિરલભાઈ રાચ્છ પાસેથી મેળવેલ છે.

## સમસ્ત નાગર મંડળ પશ્ચિમ વિભાગ વડોદરા

મંડળ દ્વારા તા. ૧૪/૪ના રોજ પાટોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ વર્ષે પ્રથમ વખત મંડળ તરફથી રવાડી-શોભાયાત્રાનું એસ.આર.પી. બેન્ડ સાથે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાઈઓ બહેનો પારંપારિક પોષાકમાં હોંશભેર જોડાયા હતા.. મહિલા કારોબારી સભ્યોએ બેનર સાથે જોડાઈને શોભાયાત્રાની શોભા વધારી હતી. ત્યારબાદ સુભાનપુરા અતિથિ ગૃહ ખાતે યોજાયેલ સમૂહ ભોજનમાં સૌએ રસ પુરી લેચી, કટલેસનું જમણ આરોગ્યુ હતું.

સંસ્થા પ્રમુખશ્રી દેવાંશુ વૈશ્નવ, મંત્રી શ્રી પ્રકાશ ખારોડ, શ્રી ઉદય વસાવડા તથા ૧૮ હોદેદારો કારોબારી સભ્યોની જહેમતથી આયોજન સર્વાંગ સુંદર બની રહયું હતું

નોંધ લેવી ઘટે કે આ સંસ્થાના આદ્યસ્થાપક મુ. અરવિંદભાઈ વૈશ્નવ હતા જેના આજે ૭૦૦ સભ્યો છે...સૌના લાભાર્થે નિષ્ઠાવાન સભ્યો અનુદાન એકત્ર કરી આવાં આયોજનને સફળ બનાવી રહયા છે તો કાયમી દાતાઓ અને જ્ઞાતિજનો પણ જ્ઞાતિ લાભાર્થે સહયોગ આપી રહયા છે.બંને ધન્યવાદને પાત્ર છે.√



વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- બે વર્ષનું ૩૦૦/- છે. પ્રતિનિધિઓને પહોંચબુક જૂલાઈ-૧૫ આસપાસ પહોંચી જશે

## નિષાદ બુચ એમ.ટેક. થયા



રાજકોટ સ્થિત શ્રીમતી રક્ષાબેન અને ડૉ. બિમલભાઈ બુચના પુત્ર નિષાદ ચારૂસત ચાંગા માંથી ઇ.સી. (સીએસઇ) વિષયમાં ડીસ્ટીંગ્શન સાથે ઉત્તીર્ણ થઈ એમ.ટેક.ની પદવી મેળવી છે. નિષાદ શ્રીમતી સુવર્ણાબેન નરેન્દ્રરાય બુચનાં પૌત્ર અને હર્મિલાબેન બાલકૃષ્ણભાઈ વછરાજાનીના દોહિત્ર થાય.

## ગોલ્ડ મેડલ મેળવતાં કુ. દ્રષ્ટિ ધોળકિયા

મૂળ ભુજના અમદાવાદ સ્થિત શ્રીમતી બેલા અને હર્ષવદન ધોળકિયાનાં પુત્રી કુ. દ્રષ્ટિને શૈક્ષણિક



વર્ષ ૨૦૧૧-૧૨ના વર્ષમાં જીએલએસ સંચાલિત એમબીએ ઈન્સ્ટીટયુટ અમદાવાદમાં ચાર સેમેસ્ટરમાં પ્રથમ સ્થાન મેળવવા બદલ ગુજરાત લો સોસાયટી સંચાલિત GLSICTના ઉપક્રમે ગત માસમાં યોજાયેલ સમારંભમાં લો સોસાયટીના ઉપપ્રમુખ અને હાઈ કોર્ટના વરિષ્ઠ એડવોકેટ શ્રી સુધીરભાઈ નાણાવટીના હસ્તે સુવર્ણચંદ્રક આપી સન્માન કરવામાં આવ્યું હતું. ચિ. દ્રષ્ટિ હાલ અમદાવાદ ખાતે રાષ્ટ્રીયકૃત દેના બેંકમાં ઓફીસર તરીકે ફરજ બજાવી રહયાં છે. અભિનંદન.

## ખુશ્બૂ છાયા એલએલ.બી.માં યુનિવર્સિટી પ્રથમ



રાજકોટના જાણીતા ધારાશાસ્ત્રી શ્રી દિપેશકુમાર ડી. છાયાનાં પુત્રી કુ. ખુશ્બૂ છાયા એલએલ.બી.ના પાંચ વર્ષના ઈન્ટીગ્રીટી કોર્ષમાં છેલ્લા સેમેસ્ટરમાં પણ યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન મેળવી ઉત્તીર્ણ થયાં છે. નોંધપાત્ર છે કે તેણી કુલ દસ સમેસ્ટરમાં સતત પ્રથમ ક્રમે રહેલ છે. કાયદા ક્ષેત્રનો દાદા-પિતાનો વારસો પગલે ચાલી વકીલાતમાં ઝંપલાવનાર બેન ખુશ્બૂને અભિનંદન સહ શુભકામના.

## સાયુજય વૈષ્ણવ આઈસીએસઈ બોર્ડ ધોરણ ૧૦માં ૯૫%



ભારત સરકારના નવી દિલ્હી સ્થિત આઈ.સી.એસ.ઈ. બોર્ડની ગત માર્ચમાં લેવાયેલી ધો. ૧૦ ની પરીક્ષામાં અમદાવાદ અભ્યાસ કરતા સાયુજય (પલ્લવભાઈ તથા રૂપાલીબેન વૈષ્ણવના પુત્ર) ૯૫% ગુણ મેળવીને ઉર્તીણ થયા છે. તેમણે કોમ્પ્યુટર વિષયમાં૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવ્યા છે. ચિ. સાયુજય જુનાગઢના નવરંગ પરિવારના ડો. બિપીનભાઈ વૈષ્ણવ તથા જયોતિબેન(બકુલબેન)ના પૌત્ર અને રાજકોટના વરિષ્ઠ પત્રકાર અને ગાંધીવાદી અગ્રણી ઉષાકાન્તભાઈ માંકડ તથા

## પાર્થ અંજારીયા-એસ.એસ.સી.માં ૯૯.૫૩



ગોંડલ સ્થિત શ્રીમતી હેતલ ચૈતન્યભાઈ અંજારીયાના પુત્ર પાર્થ અંજારીયાએ તાજેતરમાં લેવાયેલ એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં ૯૯.૫૩ પી.આર. મેળવી તેમની વિદ્યાનિકેતન શાળામાં ચોથા સ્થાન સાથે ઉત્તીર્ણ થઈ કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે. ચિ. પાર્થ શ્રીમતી કુસુમબેન અને શ્રી ચંપકલાલ ચંદુલાલ અંજારીયાના પૌત્ર થાય છે. અભિનંદન.



આપનું લવાજમ પ્રતિનિધિ, મ.ઓ., બેંક દ્વારા મોકલી આપશો મેઈલીંગ સ્લીપમાં ગ્રાહક નંબર અચૂક લખાવશો

## શ્રી ગોધા હાટકેશ્વર મહાદેવ દ્વિ શતાબ્દી મહોત્સવ શુભારંભ

ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના ગામ ગોધા ખાતે નાગરોના ઈષ્ટ દેવ બિરાજમાન છે. વિક્રમ સંવત ૧૮૭૧ના જયેષ્ઠ સુદ ત્રીજના દિવસે ગોધા ખાતે સ્થાપિત શ્રી હાટકેશ્વર મહાદેવની સ્થાપનાને ૨૦૭૦ માં ૧૯૯ વર્ષ પુરાં કરી ૨૦૦માં વર્ષ પ્રવેશતાં ગોધાના મંદીરના દ્વિશતાબ્દી વર્ષનો ચાલુ વર્ષથી એટલે કે વિ. સં. ૨૦૭૦ના જયેષ્ઠ સુદ ત્રીજ, તા. ૩૧.૫.૨૦૧૪ શનિવારના શુભારંભ થયેલ.

દ્વિ શતાબ્દી વર્ષના ધાર્મિક કાર્યક્રમના આયોજન હેઠળ ગોધા ખાતે હાટકેશ્વર મહાદેવ મંદીરમાં સળંગ એક વર્ષ પ્રતિમાસ એકના હિસાબે અગિયાર(૧૧) લઘુરૂદ્ર કરવાના આયોજનના ભાગરૂપે હાટકેશ્વર મંદીર ગોધા ખાતે તા. ૩૧.૫.૨૦૧૪ ના શનિવારના પ્રથમ લઘુરૂદ્ર સંસ્થાના ટ્રસ્ટી શ્રી રક્ષેશભાઈ ઓઝાના યજમાન પદે કરવામાં આવેલ. લઘુરૂદ્ર પૂજાવિધીમાં તેમના પુત્ર શ્રી રાજુલભાઈએ કુટુંબના પ્રતિનિધિ દરજજે પૂજાવિધિ કરી હતી. શાસ્ત્રોકત પૂજાવિધિશ્રી મહીપતભાઈના આચાર્યપદે કરવામાં આવી હતી. અંતમાં ઉપસ્થિત કુટુંબીજનો, સૌએ સંસ્થા તરફથી ફરાળને ન્યાય આપ્યો હતો.




## બાળ ટેનિસ ખેલાડી સ્તવન પોટા

અંકલેશ્વર સ્થિત અ. સૌ. હિરલ તથા ધવલ રજનીકાંતભાઈ પોટાના પુત્ર ચિ. સ્તવન (ધો.૫)એ અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ એસો. દ્વારા અંડર-૧૮ ભરૂચ ડીસ્ટ્રીકટ ઓપન લોન ટેનિસ ટુર્નામેન્ટમાં ભાગ લઈ રનર અપ વિજેતા જાહેર થયા. જે બદલ ટ્રોફી તથા પારિતોષીક મેળવી કુટુંબ-જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે. નાની વયથી જ ટેનિસ કોર્ટ સુધી દોરી જનાર દાદા દાદીની પ્રોત્સાહક પ્રવૃત્તિની કોચ તથા આયોજક દ્વારા વિશેષ નોંધ લેવામાં આવી

## શ્રી નાગર સોશ્યલ ગ્રુપ મેડીકલ એઇડ ટ્રસ્ટ, જામનગર

સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૪/૬/૧૪ના રોજ હાટકેશ હોલમાં ૨૫૦ જેટલા સભ્ય દાતાઓની હાજરીમાં મળી ગઈ. સ્તુતિ પછી વર્ષ દરમ્યાનના દિવંગત દાતાઓને શ્રધ્ધાંજલિ આપ્યા બાદ કાર્યક્રમ શરૂ થયેલ. તા. ૩૧/૩/૧૪ના પૂરા થયેલ હિસાબોનું વાંચન કરવામાં આવ્યું જેમાં રૂા. ૮૭૭૭૯ જેવી તબીબી આર્થિક સહાય આપી અને ભંડોળમાં રૂા. ૧૮૭૯૫૦નો માતબર વધારો થયાની નોંધ લેવામાં આવી અને આવતા વર્ષનું બજેટ મંજૂર કરવામાં આવ્યું હતું.

આ બાદ જામનગરના જાણીતા બાળરોગ નિષ્ણાત ડો. પિયુષભાઈ વછરાજાનીએ બાળ સ્વાસ્થ્ય જાળવણી અંગે સચોટ માર્ગદર્શક પ્રવચન આપ્યું હતું તો હાર્ટસ્પેશ્યાલીસ્ટ ડો. કેયુરભાઈ બક્ષીના પુત્ર ડો. હર્ષ બક્ષીએ બીપી, ડાયાબીટીસ, હાર્ટએટેકના લક્ષણોના મુદાઓ લઈ પ્રેરક વકતવ્ય આપ્યું અને દાતા સભ્યોના પ્રશ્નોના સ્પષ્ટીકરણ સાથે જવાબ આપેલ.

સંસ્થાના ટ્રસ્ટીમંડળમાં હાલના પ્રમુખ મંત્રી ઉંમરને કારણે નિવૃત્ત થતાં નીચેના હોદેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી..જેમાં પ્રમુખ તરીકે જ્ઞાતિ-બરછીના સંનિષ્ઠ સેવાભાવી વડીલ શ્રી પ્રવિણભાઈ આર. બુચ, ઉપપ્રમુખ -શ્રીમતી ઉર્વશીબેન, વૈશ્નવ, સહમંત્રી-શ્રીમતી હેમાંગીનીબેન ઘોળકિયા, ટ્રસ્ટી-શ્રી પરેશભાઈ રીંડાણી તેમજ શ્રી ભોલાનાથભાઈ રીંડાણી તથા શ્રી હર્ષદભાઈ ઢેબર સલાહકાર સમિતિના સભ્ય તરીકે નિયુકત થયા.



દરેકમાં ભાવ વધારો છતાં આ વર્ષે પણ લવાજમમાં વધારો કરેલ નથી

## એસ.એસ.સી. બોર્ડમાં પ્રથમ સ્થાને ચિ. ધ્વની મહેતા



મૂળ ભાવનગરના શ્રી ધર્મકુમાર પ્રસન્નકુમાર મહેતાનાંપૌત્રી ચિ. ધ્વની મનીષભાઈ મહેતાએ ગુજરાત એસ.એસ.સી. બોર્ડમાં અંગ્રેજી માધ્યમમાં ૯૯.૯૯ પી.આર. મેળવી બોર્ડમાં પ્રથમ સ્થાન સાથે ઉત્તીર્ણ થઈ પોતાની શાળા, કુટુંબ તથા સમસ્ત જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે. તેણીએ સંસ્કૃત અને ગણિત વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવ્યા છે. સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમમાં સંસ્કૃત વિષયમાં ૧૦૦ ગુણ અને અંગ્રેજીમાં ૯૪ માર્ક મેળવનાર કુ. ધ્વની એકમાત્ર વિદ્યાર્થીની છે. ઉલ્લેખનીય છે કે ચિ. ધ્વનીનાં માતા-પિતા શારિરીક ખોડ ધરાવે છતાં બંને અભ્યાસમાં તેજસ્વી કારકિર્દી ધરાવે છે. પિતા ફેડરલ બેંકમાંઆસી. મેનેજર તરીકે કાર્યરત છે જ્યારે દાદા એન્જીનીયર હતા તેથી દરેક રીતે કુટુંબનાં પ્રોત્સાહક વાતાવરણ થકી ચિ. ધ્વનીએ આ સિદ્ધિ મેળવી છે.તેણી એન્જીનીયર બની કલેકટર બનવાની મહત્વાકાંક્ષા રાખે છે. પ્રેરક સફળતા માટે હાર્દિક અભિનંદન સાથે મનોકામના પૂર્ણ થાય તેવી શુભકામના પાઠવીએ.

## તુષિત દેસાઈ યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાને

વડોદરા નિવાસી શ્રી ચંદ્રભૂષણ કવિવરરાય દેસાઈ અને શ્રીમતી ભાવના દેસાઈના પુત્ર તુષિત દેસાઈ હાલ લાર્સન એન્ડ ટૂબ્રો કંપનીમાં આસીસ્ટન્ટ સુપરવાઈઝર તરીકે ફરજ બજાવી રહયા છે સાથે બી.ઇ.(સિવિલ એન્જી.)ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરી રહયા છે...યુવાનો માટે ઉદાહરણીય કાર્ય અને વિદ્યાનો સમન્વય સાધી તાજેતરમાં એમ. એસ. યુનિવર્સિટી દ્વારા લેવાયેલ પ્રથમ વર્ષની પરીક્ષામાં૮૩% સાથે ઉત્તીર્ણ સમગ્ર યુનિ.માંપ્રથમ સ્થાન મેળવી કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષ્યુંછે. અભિનંદન.

## ડૉ. નાગેન્દ્રનાથ નાગર દાહોદ રત્ન એવોર્ડથી સન્માન પામ્યા

દાહોદ ખાતે હોસ્પિટલ ધરાવતા ડો. નાગેન્દ્રનાથ નાગર ૧૯૭૧થી આદીવાસી ક્ષેત્રમાં અંધજન, વિકલાંગોની સેવા સુશ્રુષામાં રત રહયા છે. ડો. નાગર અંધજન વિકલાંગ જનમંડળમાં બ્લાઈન્ડ વેલ્ફેર કાઉન્સીલના ઉપપ્રમુખ તરીકે અને સ્પેશીયલ કમિટીના ચેરમેન તરીકે નિયુકત થયા છે. તેઓનું રાજય તેમજ સ્થાનિય સ્તરે અનેકવાર બહુમાન કરવામાં આવ્યુંછે. તાજેતરમાં ડો. નાગરને તેમની અનન્ય સામાજીક સેવાઓ બદલ દાહોદ લાયન્સ કલબ દ્વારા 'દાહોદ રત્ન લાયન્સ'ના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા.

## જૂનાગઢના શ્રી મહેશ્વરભાઈ પંચોળી 'નાગર રત્ન' એવોર્ડથી સન્માનીત

ગત તા. ૨૭.૪.૨૦૧૪ ના રોજ અ.ભા.નાગર પરિષદની મધ્યસ્થ શાખા કલોલ દ્વારા પરીષદના રાષ્ટ્રીય માજી પ્રમુખ, જ્ઞાતિના રીત રિવાજો, વેદ વિદ્યાના વિદ્વાન મુ. મહેશ્વરભાઈ પંચોળીને 'નાગર રત્ન' એવોર્ડથી સન્માનીત કરવાનો કાર્યક્રમ હાટકેશ્વર મંદીરના પટાંગણમાં યોજાય ગયો. જ્ઞાતિ અગ્રણી અને બહોળી સંખ્યામાં ઉપસ્થિત જ્ઞાતિજનોની હાજરીમાં માનસિક વિશિષ્ટ બાળકો તેના ઉછેર અને વિકાસમાં અમૂલ્ય યોગદાન આપનાર શ્રી વાસુદેવ દેવકીનંદન દ્વારા આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ સમારંભના પ્રમુખ સ્થાને રાષ્ટ્રીય કાર્યવાહક પ્રમુખશ્રી ભાસ્કરભાઈ ભટ્ટ બિરાજેલ. પ્રાસંગિક પ્રવચનમાં શ્રી મહેશ્વરભાઈની સેવાભાવના અને વિદ્વત્તાને સૌએ બિરદાવી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી ધવલ વસાવડાએ કર્યુ હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં પરિષદ શાખા પ્રમુખશ્રી પૂર્ણિમાબેન માંકડ ,મંત્રીશ્રી ભાવનાબેન વૈષ્ણવ, પ્રોજેકટ પ્રમુખશ્રી ઋષિકેશભાઈ બુચ તથા સમગ્ર કારોબારી એ જહેમત ઉઠાવી હતી. અંતમાં અલ્પાહાર ગ્રહણ કરી સૌ વિખરાયા હતા.

## ::::::::::: મંગલ મેરેજ બ્યુરો ::::::::::::

સંચાલક :- મમતા ઢેબર

Mail ID- mamtadhebar@yahoo.in  Mo. 099257 98989

(દરેક મેમ્બર્સને પોતાના ઇ મેઇલ આઈડી મોકલવા વિનંતી છે)

સપ્તપદીનાંવચનોમાંજે ઉપદેશ મહત્વનો છે તેટલો જ 'છેડાછેડી બાંધવા અને છોડવામાં 'જીવનમાંબાંધછોડ'નો મહત્વનો ઉદ્દેશ સમાયેલો છે...'બાંધછોડ' કરવા તૈયાર હો તો નીચેની વિગતો વાંચો અને સંપર્ક કરો :

<u>યુવકોની યાદી – યુવતી જોઈએ છીએ...</u>

(૧) ઓગષ્ટ-૯૦ બી.ઇ.(ઇસી)મુંબઈ (૨) જૂલાઈ ડી. મીકે. એન્જી. સ્વતંત્ર-સધ્ધર વ્યવસાય (ભુજ) (૩) ઓકટો. ૮૭ કોમ્પ્યુટર એન્જી.ગુજરાતના નાગર (અમદાવાદ)(૪) જાન્યુઆરી-૮૭ એમ.ટેક. ઉં. ૫'.૧૧" પ્રશ્નોરા નાગર (દિલ્હી) (૫) ઓગષ્ટ-૮૭ ડબલ ડીગ્રી એન્જી. ઉં. ૫'.૨" (અમદાવાદ)

<u>યુવતીની યાદી – યુવક જોઈએ છીએ...</u>

(૧) ડીવોર્સી કન્યા જૂલાઈ-૮૬(ડેન્ટીસ્ટ) બીડીએસ.અમદાવાદના ઉચ્ચ ડીગ્રીપાત્ર આવકાર્ય
(૨) મે-૮૭ એમ.ટેક. ઉં. ૫'.૧" સાઠોદરા નાગર (અમદાવાદ) (૩) મે-૮૮ આઈસી એન્જીનીયર ઉં. ૫'.૬"(મંગળ)(વડોદરા) (૪) મે-૮૯ બી.ટેક. રાજસ્થાનના નાગર (બેંગલોર)

હવે પછી મેડીકલ-પેરામેડીકલ, એમબીએ.,એમસીએની માહિતી માટે રાહ જુઓ

સગાઈના અભિનંદન – મુદ્રિકા મહેતા – ભવ્ય બુચ

---



## અંતરના આશિષ

અમારા સુપુત્ર

ચિ. ડો. વિવેક વિરેન્દ્રભાઈ ધોળકિયાને

M.D.,D.Ch. (બાળરોગ નિષ્ણાત)ની પરીક્ષા ઉતીર્ણ કરી પરિવાર તેમજ જ્ઞાતિનું ગૌરવ વધારવા બદલ હાર્દિક શુભેચ્છા તેમજ ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહો તેવા અંતરના આશિષ....

સ્નેહાધિન

| | |
|---|---|
| સ્વ. નિર્મળાબેન શશીકાંત ધોળકીયા પરિવાર | (અંજાર) |
| સ્વ. ઉર્વશીબેન કુસુમરાય અંજારીયા પરિવાર | (ભુજ) |
| સૌ. ક્રિષ્નાબેન વિરેન્દ્રભાઈ ધોળકિયા પરિવાર | (અંજાર) |
| સૌ. રેખાબેન ભૂપતરાય અંજારીયા પરિવાર | (ભુજ) |
| શ્રી મુકેશભાઈ ધોળકીયા પરિવાર | (ભુજ) |
| શ્રી કશ્યપભાઈ ધોળકિયા પરિવાર | (ભુજ) |
| સૌ. ધૈર્યા નિકુંજભાઈ વોરા પરિવાર | (અંજાર) |
| સૌ. જલ્પા યશભાઈ પોટા પરિવાર | (અંજાર) |

(ચિ. ઉર્વી, દિવ્ય,આર્જવી, પંશુલ)



જાહેરાતો પણ મામુલી દરે લેવામાં આવે છે બરછી મુખ્યત્વે માત્ર ગ્રાહકોની સંખ્યા ઉપર જ નિર્ભર છે

## --- શૈક્ષણિક પારિતોષીક-શિષ્યવૃત્તી ---

અનેક સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહક પુરસ્કાર તેમજ શિષ્યવૃત્તી આપવામાંઆવે છે...જેની વિદ્યાર્થીઓ/વાલીઓ આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે. શિક્ષણનું નવું વર્ષ શરૂ થાય ત્યાંજ બરછી કાર્યાલયમાં આ અંગે પૂછપરછ શરૂ થઈ જાય છે તેથી સંસ્થાઓને આગલા માસમાં આવી જાય તે રીતે માહિતી બરછી કાર્યાલયે પહોંચાડી આપવા વિનંતી છે. મુંબઈ,અમદાવાદની સંસ્થાઓ પોતાની વેબસાઈટ ઉપર ઓનલાઈન ફોર્મ મુકતી હોય છે.પરંતુ દરેકને નેટની સુવિધા ઉપલબ્ધ નથી હોતી તેથી વિદ્યાર્થીઓ અજાણ રહેતા હોય તેમ લાગે છે. તેથી ફોર્મ મૂકાયાની જાણ આ બરછીના માધ્યમથી કરવા વિનંતી છે, જેથી દરેક વિદ્યાર્થીઓ /વાલીઓ લાભ મેળવી શકે..દાતાઓનો ઉદ્દ્શ સરે અને સંસ્થાઓના ભંડોળનો યથાયોગ્ય ઉપયોગ થાય. બરછીની વેબસાઈટ ઉપર ફોર્મ મુકવા સંપર્ક કરી શકો છો. સાઇટ ઉપર બરછીમાં તેની નોંધ આપીશું. નીચે મુજબનાં પારિતોષીક માટે મળેલ માહિતીથી આ વિશેષ કોલમ આ માસથી શરૂ કરી રહયા છીએ. -તંત્રી.

**રાજકોટ :** અખિલ ભારતીય નાગર પરિષદની યાદી જણાવે છે કે સંસ્થા તરફથી સૌરાષ્ટ્ર કચ્છ માંથી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને નીચે પ્રમાણે શિષ્યવૃત્તિઓ આપવામાંઆવે છે... વર્ષ ૨૦૧૪માં ધો. ૧૨માં મેડીકલ/ એન્જીનીયરીંગમાં પ્રવેશ મેળવેલ તેમજ સી.એ./એમ.બી.એ. કોમ્પ્યુટર ડિગ્રી/ ડિપ્લોમામાં પ્રવેશ મેળવનાર બહેનોને, અંગ્રેજી વિષય અને એન્જી.માં સ્નાતક થયેલ વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીને તેમજ પેરામેડીકલ-બી.એસસી,એમ.એસસી.માઈક્રોબાયોલોજી,ડીએમએલટી, ફિઝીયોથેરાપી કરેલ વિદ્યાર્થીઓને. આ શિષ્યવૃત્તિ માટેના ફોર્મ શ્રી જે. ટી. બક્ષી, C/o. રીલાયેબલ એસો. સદ્ગુરૂ કોમ્પલેક્ષ, રૈયા રોડ, (મો. ૯૪૨૭૨ ૬૮૩૪૯) ખાતેથી મેળવી તા. ૩૧-૮-૧૪ સુધીમાં પહોંચતા કરવાના રહેશે.

**વડોદરા :** સ્વ. શ્રી મનસુખલાલ મગનલાલ અંતાણી સ્મારક ફંડ, ડો. છબીલદાસ સોમજી ધોળકિયા સ્મારક તથા શ્રીમતી ઈન્દુબેન છબીલદાસ ધોળકિયા સ્મારક તરફથી ફકત વડોદરા સ્થિત કચ્છી નાગર /નાગર બ્રાહ્મણ પરિવારના ધો.૧ થી૧૦ તથા ધો. ૧૧ - ૧૨ના બંન્ને પ્રવાહના બાળકોની શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪માં લેવાયેલી વાર્ષિક પરીક્ષાના ગુણપત્રની નકલ તા. ૧૫-૮-૨૦૧૪ પહેલા શ્રી દુષ્યંત એમ. અંતાણી, શ્રમદીપ ૧૪ એ/ ભવાની સોસાયટી, પાણીની ટાંકી સામે, કારેલી બાગ વડોદરા-૩૯૦ ૦૨૨ ખાતે મોકલી આપવી.

**વડોદરા :** સ્વ. શ્રીમતી સંતોકબેન મોહનલાલ સ્વાદિયા ટ્રસ્ટ, વડોદરા સ્થિત કચ્છી નાગર /નાગર બ્રાહ્મણ પરિવાર અથવા વડોદરામાં રહી અભ્યાસ કરતા કચ્છી નાગર /નાગર બ્રાહ્મણ વિદ્યાર્થીઓએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪માં ડિગ્રી,પોસ્ટ ગ્રેજયુએશન અથવા તેની સમકક્ષ સી.એ.-સી.એસ.-એમબીએ જેવી પદવી સરકાર માન્ય સંસ્થા માંથી મેળવેલ હોય તેઓએ તેમની માર્કશીટ/સર્ટીફીકેટની નકલ તા. ૧૫-૮-૨૦૧૪ પહેલાં શ્રી દુષ્યંત એમ. અંતાણી, શ્રમદીપ ૧૪ એ, ભવાની સોસાયટી, પાણીની ટાંકી સામે, કારેલી બાગ વડોદરા- ૩૯૦ ૦૨૨ ખાતે મોકલી આપવી.

**વડોદરા :** નાણાવટી વિદ્યોતેજક ગ્રુપ વડોદરા દ્વારા ગુજરાતમાં વસતા નાગર તથા નાગર બ્રાહ્મણ વિદ્યાર્થીઓને ગુણવતાના ધોરણે વર્ષ ૨૦૧૪ માટે મેરીટ એવોર્ડ આપવામાં આવશે. માર્ચ ૨૦૧૪માં ગુજરાત બોર્ડ તથા સીબીએસઇ બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ ૧૦, ધોરણ ૧૨ ઉચ્ચ ગુણાંક મેળવીને ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીએ તા. ૧ ઓગષ્ટ ૨૦૧૪ સુધીમાં ગુણપત્રકની પ્રમાણિત નકલ, સરનામા અને ફોનનંબર સાથેની અરજી ડો. રવિન્દ્ર એસ. નાણાવટી," બિલિપત્ર" એ-૧૮,ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી, ન્યુ સમા રોડ, વડોદરા-૩૯૦૦૨૪ ખાતે મોકલી આપવી.



તેથી અમારા કે બરછીના શુભેચ્છક હો તો આપ આ માટે વધારાનો સહકાર આપી શકો છો...

**રાજકોટ :** શ્રી સમસ્ત નાગર જ્ઞાતિ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટની યાદી જણાવે છે કે જ્ઞાતિના રાજકોટના સ્થાનિક વિદ્યાર્થીઓને દર વર્ષ મુજબ પારિતોષીક આપવામાં આવનાર છે. વર્ષ ૨૦૧૩-૧૪માં લોઅર કે.જી. થી ધો. ૯ સુધી ૮૦% ધો. ૧૦ અને ધો.૧૨ માં એ-૨ ગ્રેડ કે ઉપરના માર્કસ મેળવનાર અને ધો. ૧૧ માં ૮૦% અથવા એ-૨ સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને તેમજ માનસિક ક્ષતિ ધરાવતા દરેક વિદ્યાર્થીઓને પોતાના નામ સરનામા ફોન નંબર સાથે માર્કશીટની ઝેરોક્ષ શ્રી એન. જે. વૈદ્ય, 'કૃતિ' ૧૧ સુભાષનગર (મો. ૯૯૨૫૨૯૦૪૮૬) અથવા શ્રીમતી કામિનીબેન ઝાલા, કર્મયોગ, રિધ્ધિસિધ્ધિ પાર્ક, રૈયા રોડ, રાજકોટ (૯૯૭૯૮૪૫૦૦૩)ને તા. ૧૫ સપ્ટેમ્બર-૧૪ સુધીમાં મોકલી આપવા વિનંતી.

## કુ. કાવ્યા માંકડ એચ.એસ.સી.માં ૯૯.૯૫ પી.આર.

વડોદરા નિવાસી ડો. તુષાર અને ડો. ખ્યાતિ માંકડનાં પુત્રી કુ. કાવ્યા માંકડ તાજેતરમાં લેવાયેલ ધો. ૧૨-એચ. એસ.એસ. (વિ.પ્ર. બી ગ્રુપ)ની પરીક્ષામાં ૯૯.૯૫ પી.આર. તથા ગુજકેટમાં ૧૨૦માંથી ૧૧૪ ગુણ મેળવી જ્વલંત સફળતા પ્રાપ્ત કરી છે. તેણી ડોકટર બનવાની મહેચ્છા ધરાવે છે. અભિનંદન.

## શ્રી હાટેશ્વર સંસ્થા, જૂનાગઢ

સંસ્થાની સામાન્ય સભામાં ચૂંટણી થતા નીચેના ઉમેદવારો ચૂંટાય આવ્યા હતા...શ્રી દેવેશ વૈદ્ય-પ્રમુખ, શ્રી ઉદય આચાર્ય-ઉપપ્રમુખ, શ્રી નીરજ વૈદ્ય - મંત્રી, શ્રી મયુર દેસાઈ-સહમંત્રી, તેમજ શ્રી શૈલેશ દેસાઈ, શ્રી ભાવાર્થ દેસાઈ, શ્રી ઉદય વૈદ્ય, શ્રી ચંદ્રક ઘોડા, શ્રી ધવલ ઓઝા, કુ. હેમા શુકલ, શ્રી દ્વિજ શુકલ સભ્ય તરીકે ચૂંટાય આવ્યા હતા. સંસ્થામાં અલગ અલગ કમિટિઓની રચના કરી, દરેકને વ્યકિતગત તથા સામુહિક જવાબદારીઓ સોંપવામાં આવી.

## કાયદાવિદ્ મહાનુભાવોની તસવીરોનું અનાવરણ

વડોદરાની સુવિખ્યાત મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટીની લો ફેકલ્ટીમાં ટૂંક સમય પહેલાં' મીડિયા અને લો' વિષય પર રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન થયું. આ પ્રસંગે કાયદા ક્ષેત્રમાં મૂલ્યવાન પ્રદાન આપનાર પ્રતિભાસંપન્ન વકીલો જ્ઞાતિના સર્વશ્રી ભદ્રાયુલાલ મજમુદાર, પુન્ડરીકરાય હાથી, હર્ષદભાઈ અંજારીયા તથા રમણીકરાય અંજારીયાની તસ્વીર કાયમીધોરણે મુકી તેનું અનાવરણ ફેકલ્ટી ડીન શ્રી એચ. સી. ધોળકિયાના હસ્તે કરવામાં આવ્યુંહતું. કાયદાશાસ્ત્રના વિદ્યાર્થીઓને પ્રેરણાના ઉદ્દેશથી મુકાયેલ તસ્વીરના અનાવરણ પ્રસંગે ફેકલ્ટીના આમંત્રણથી અમેરીકા સ્થિત શ્રીમતી ઉર્મીબેન મહેતા, શ્રી મેહૂલભાઈ મહેતા તથા વડોદરા સ્થિત શ્રી અશોકભાઈ અંજારીયા અને કુ. પ્રણામી અંજારીયા હાજર રહયા હતા.

**બી.આર્ક.**

| | |
|---|---|
| નિધી તારક મહેતા | ૭૫% મુંબઈ |

**બીસીએ.**

| | |
|---|---|
| યશ્વી નીશેન્દુ વૈદ્ય | ૭૮% વેરાવળ |
| ખુશી ભૌમિક જોશીપુરા | ૮૭% અમદાવાદ |

**એફ.વાય.બી.કોમ.**

| | |
|---|---|
| દેવાશિષ ચેતન ઓઝા | ૭૭% મુંબઈ |
| ઓજસ મિહીર મહેતા | ૭૪% મુંબઈ |

**ટી.વાય. બી.કોમ.**

| | |
|---|---|
| સૌમ્યા રશેષ વૈશ્નવ | ૮૪% રાજકોટ |

**અનંતના યાત્રીઓ :**

શ્રી વિપીનભાઈ જયંતીલાલ બુચ - ૭૪ વર્ષ - જામનગર. ચંદ્રીકાબેન સુરૂભાઈ દેસાઈ ૯૪ વર્ષ -મુંબઈ શ્રીમતી વનલીલાબેન વિપીનચંદ્ર દેસાઈ - ૭૭ વર્ષ, અતુલ અજીતરાય મારૂ -૭૫ વર્ષ-અમદાવાદ ઈન્દ્રવદન પાઠક-૭૧ વર્ષ- ભુજ, ગં. સ્વ. કનકમણીબેન વિ. હાથી-૮૪ વર્ષ- ભુજ, ચંદ્રવદન ભાઈ રામપ્રસાદ મકોડી -૭૮ વર્ષ- રાજકોટ. અ.સૌ. જાન્હવી ઉદયભાઈ માંકડ-૪૪ વર્ષ-રાજકોટ.



કઈ કઈ રીતે....ચાલુ મૂડીની જરૂરીયાત પૂરી કરવા જેઓને શકય છે તેઓને એકસાથે બે વર્ષનું લવાજમ ભરીને.

# સમાચાર સંચય

કોટા (રાજસ્થાન) : તાજેતરમાં અત્રેના શ્રી આર. એન.નાગરે અત્રેની 'સચેતન' સંસ્થા દ્વારા મહિલા અને બાળસુરક્ષા અર્થે યોજાયેલ પોસ્ટર સ્પર્ધામાં ભાગ લઈ ૨૦૦ કલાકાર સ્પર્ધકોમાંથી પ્રથમ ૨૦ સ્પર્ધકોમાં સ્થાન મેળવતાં તેઓને અવોર્ડ તથા પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા.

(શ્રી રાજેન્દ્ર નાગર અ.ભા.ના.પરિષદ તથા કોઈપણ જ્ઞાતિકાર્યમાં નિસ્વાર્થ સેવારત છે. બરછી પ્રતિનિધિ તરીકે પણ કાર્યરત છે. સમય સમયે તે વિસ્તારના સમાચારો, ઉપયોગી માહિતીઓનું સંકલન કરી લખીને તેની ઝેરોક્ષ નકલ સ્વખર્ચે સૌને મોકલે. આવા પ્રવૃત્ત 'નાગર'ને અભિનંદન-તંત્રી)

મુંબઈ : અત્રે સ્થિત જૂનાગઢના શ્રી દોલતભાઈ કૃષ્ણકાંત બક્ષી રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયામાં જનરલ મેનેજર પદે બઢતી પામ્યા.

☯ હાટકેશ મંડળ બોરીવલી દ્વારા પાટોત્સવ પર્વની પૂર્વ સંધ્યાએ તા. ૧૩/૪ના રોજ છેલ્લા ત્રણ વર્ષથી ચાલતી મહિલા પાંખ દ્વારા સૌએ કૃષ્ણ-મીરાંના ભજનાનંદ બાદ ૧૩૫ જેટલા જ્ઞાતિજનોએ રસપુરી, ઢોકળાનો ભોજનાનંદ માણ્યો હતો. તા. ૧૪/૪ના રોજ રૂદ્રાભિષેક રાખવામાં આવ્યો હતો.

આણંદ: અત્રેના શ્રી અજય વોરા વિદ્યાર્થીઓ માટે ઉપયોગી માહિતી મોકલતા જણાવે છે કે ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સિટીઓ આણંદ, જુનાગઢ નવસારી અને દાંતીવાડા ખાતે છે. જેમાં ધો. ૧૦ પછી ૩ વર્ષના પોલીટેકનીક અભ્યાસક્રમો તેમજ ધો. ૧૨(વિ.પ્ર )પછી ૪ વર્ષના કૃષિ તેમજ પાંચ વર્ષના વેટરનરી અભ્યાસક્રમો કાર્યરત છે. વધુ વિગતો www.aa4.in તેમજ ફોન નં. ૦૨૬૯૨- ૨૬૪૪૬૨ / ૨૬૧૩૧૦ થી મેળવી શકાશે.

ગાંધીનગર : કુ. શ્વેતા શશાંકભાઈ જોષીપુરા તા. ૧૯.૫.૨૦૧૪ના રોજ ઈ ટીવી ગુજરાતી પર રજુ થતા ફલેવર્સ ઓફ ગુજરાત કાર્યક્રમમાં"ચોકો ફ્રુટ ટાર્ટની" રેસીપી રજુ કરી. આ કાર્યક્રમ યુ-ટયુબ પર જોઈ શકાય છે.

☯ અત્રેના શ્રી વડનગરા નાગર મંડળના ઉપક્રમે જ્ઞાતિજનોના સહકારથી દાદાનો પાટોત્સવ ઉલ્લાસમય વાતાવરણમાં ઉજવવામાં આવ્યો હતો. સૌપ્રથમ ૧૧ યુગલોના યજમાન પદે હોમાત્મક લઘુરૂદ્ર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ખુરશી ટેબલ અને પીરસવાની વ્યવસ્થા સાથે લગભગ ૪૦૦ બંધુઓએ શીખંડ પુરી સાથેના ભોજનનો આનંદ માણ્યો હતો. અહીં છેલ્લાં ૬ વર્ષથી પરંપરાગત પંગતમાં બેસીને ભોજન પ્રસાદ ગ્રહણ કરે છે..અને પીરસણીયા અબોટીયું ધારણ કરીને પીરસે છે. ઉત્સાહી પ્રમુખ અને મોજીલી યુવા-પ્રૌઢ કારોબારી ટીમની જહેમતથી આયોજન સફળ બની રહયુંહતું.

☯ શ્રી જયંત અરૂણરાય બુચના પુત્ર કૃતાર્થ સેરપેન્ટ સર્વિસીઝ પ્રા. લિ. માં સિનિયર ડેવલપર તરીકે ફરજ બજાવે છે. જેઓ કંપનીના પ્રોજેકટ માટે અફઘાનિસ્તાન ગયા.

☯ અત્રેના દર્પણ તથા શ્રીમતી જિજ્ઞા બુચના પુત્ર નિર્સગ બુચે ગત જાન્યુઆરીમાં જુનાગઢના ગરવા ગિરનારની રાષ્ટ્રીય કક્ષાની આરોહરણ-અવરોહણ સ્પર્ધામાં રાજય સરકાર તરફથી આયોજક તરીકે અંબાજી ટુંક ઉપર ફરજ બજાવી હતી.

અંકલેશ્વર : રાજકોટના અત્રે કાર્વે કંપનીમા કાર્યરત મનન પ્રિયવદન માંકડ કંપની તરફથી ૪ દિવસ માટે થાઈલેન્ડના પ્રવાસે જઈ આવ્યા.



અથવા એક સામે એક ગ્રાહક નોંધાવીને કે સગા સંબંધીઓને લવાજમ ભરવા પ્રેરીને

<u>ભરૂચ :</u> અત્રે સ્થિત શ્રીમતી રૂપલબેન હર્ષિતભાઈ (જીએનએફસી) દેસાઈનાં પુત્રી કુ. ખુશી દેસાઈ GCETવલ્લભવિદ્યાનગર માંથી બી.ઇ.(સીઇ)માં ૯ એસ.પી. સાથે ઉત્તીર્ણ થઈ ઈન્ફોસીસ કંપનીના કેમ્પસ ઈન્ટરવ્યુમાં ૧૫૦૦ ઉમેદવારો માંથી પસંદગી પામી મૈસુર ખાતે ૪ માસની તાલીમ પૂર્ણ કરી પૂના ખાતે સીસ્ટમ એન્જીનીયર તરીકે જોડાયાં છે.

<u>જામનગર :</u> અત્રેના શ્રી રક્ષેષ મજમુદારે ૬૦ વર્ષથી ઉપરની વયના જ્ઞાતિજનો માટે 'સિનિયર્સ સ્માઈલ' નામે વિના મૂલ્યે ગ્રુપ બનાવવા પહેલ કરી છે. જેનો ઉદ્દેશ હળવા મળવા, સમાચારો વિચારોની આપલે કરવાનો છે. વયસ્ક વડીલનું નામ, સરનામું, ફોન નં. બ્લડ ગ્રુપ વગેરે અગત્યની માહિતી સાથેનું કાર્ડ આપવાનું તથા દર મહીને એકવાર મળવાનું નકકી કરવામાં આવ્યું છે. વધુ માહિતી માટે તેમનો ફોન નં ૨૫૫૫૩૧૪ કે મો. ૯૮૨૫૮૩૧૬૬૯ ઉપર સંપર્ક કરશો.

<u>જુનાગઢ :</u> શ્રી દિવ્યાંગ ચિતરંજનભાઈ વૈશ્નવ (ડીસી) કેશોદથી મહેસાણા ખાતે ડીસ્ટ્રીકટ કોર્ટમાં રજીસ્ટ્રાર તરીકે બઢતી સાથે મહેસાણા બદલાયા. (આ તકે નોંધ લેવી ઘટે કે જૂનાગઢની જ્ઞાતિ સંસ્થાઓમાં સેવારત રહેલા દિવ્યાંગભાઈએ બરછીને પણ ગત વર્ષ સુધી પ્રતિનિધિ તરીકે લગભગ દોઢ દાયકાથી અવિરત સન્નિષ્ઠ સેવા આપી છે... બરછી પરિવાર બઢતી બદલ ગૌરવ અનુભવી અભિનંદન પાઠવે છે.)

☯ અત્રેના પોરબંદર ખાતે ફોરેન્સીક લેબોરેટરીની મોબાઈલ ઈન્વેસ્ટીગેશન વાનમાં કલાસ-૨ અધિકારી તરીકે ફરજ બજાવતા શ્રી મુકુલ ચંદ્રમુખરાય ખારોડે વડાપ્રધાન પદના ઉમેદવાર શ્રી નરેન્દ્ર મોદીની જુદી જુદી જગ્યાઓ મુંબઈ, ઝારખંડના ડાલ્ટવમંજ, આસામના બોંગાઈગાંવ, વારાણસી, ચાંદોલી ખાતે જાહેર સભાઓ તેમજ રોડ શો દરમ્યાન સુરક્ષા સાથે સલામતી માટે ફોરેન્સીક અધિકારી તરીકે નિયુકત કરવામાં આવ્યા હતા. દરેક સ્થળ અને વસ્તુની અત્યંત ગોપનીય રીતે તપાસ કરી સઘન સુરક્ષાની સોંપાયેલ જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવી હતી.(નાગર જ્ઞાતિ વિશ્વસનિયતા માટે પંકાયેલી છે જેનો વધુ પૂરાવો આપવા બદલ મુકુલભાઈને ગર્વભેર ધન્યવાદ આપવા ઘટે.)

☯ જુનાગઢના વરિષ્ઠ સેવાભાવી ડો. મહેન્દ્રભાઈ ધીરજલાલ નાણાવટીનું ગત માસમાં દેહાવસાન થયું. ટુંકા નામ એમ. ડી. થી ઓળખાતા આ સેવાભાવી ડોકટરે આજીવન નિસ્વાર્થ સેવા કરી માનવતાની મશાલ બની રહયા. ચાહના પ્રાપ્ત મુ. મહેન્દ્રભાઈની અંતિમયાત્રા તેમની કર્મભૂમિ જુનાગઢમાં તેઓના કાર્યક્ષેત્રને આવરી લઈ, રાજમાર્ગો પર ફરતાં લોકોએ પુષ્પ શ્રધ્ધાંજલિ અર્પી હતી.

☯ અત્રેનાં કુ. ધૈર્યતાબેન શામભાઈ વસાવડાએ જીવનસંધ્યાના ૭૫ વર્ષ પૂર્ણ કરતાં તેઓ તથા કુટુંબીજનો દ્વારા ઉજવણી રૂપે બે દિવસ સગા સંબંધીઓનેઆમંત્રિત કરી પ્રથમ દિવસે શ્રી સત્યનારાયણની કથા અને હનુમાન ચાલીસા તથા બીજે દિવસે સ્વ. શ્રી પથુભાઈ આચાર્ય ગરબા મંડળ દ્વારા માતાજીના ગરબા રાખ્યા હતા. છેલ્લે રસ લેચીનું ભોજન લઈ સૌ છુટા પડયા હતા.

<u>પોરબંદર :</u> મુરલી કવિતભાઈ વૈશ્નવ સરકારી પોલીટેકનીક જામકલ્યાણપુર ખાતે લેકચરર તરીકે નિમાયા.

ભુજ : અત્રેના હાટકેશ યુથ કલબ દ્વારા અખિલ કચ્છ વોલીબોલ ટુર્નામેન્ટનુંઆયોજન થઈ ગયું. જેમાંકુલ છ ટીમે ભાગ લીધો હતો. ભુજની જ બે ટીમ વિજેતા થતાં. ચેમ્પીયન ટીમને ટ્રોફી અને ટીશર્ટ, રનરઅપ ટીમને ઘડીયાળ એનાયત કરવામાંઆવ્યાંહતાં.મેચ શરૂ થતાંપહેલાંવ.ના. મંડળના પ્રમુખશ્રી અતુલભાઈએ તથા સિનિયર સિટીઝન્સ કલબના પ્રમુખશ્રી પરિમલભાઈએ દીપ પ્રગટય કર્યુંહતું. સંચાલન વિનલ તથા આભારદર્શન ધ્રુવમે કર્યુંહતું.

ઉના : દીવ ખાદી ભંડારના મેનેજર તરીકે કાર્યરત શ્રી મિતેષ જનકરાય વોરા ખાદી બોર્ડની કોન્ફરન્સમાં મુંબઈ જઈ આવ્યા.

અમદાવાદ : અત્રેના અપૂર્વ સ્નેહીતભાઈ બુચને યહયહય બેંકમાં સિનિયર મેનેજર તરીકે બઢતી મળી.

અત્રે સ્થિત ડો. બ્રિન્દા પ્રણવ વછરાજાની અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન પાલડી વોર્ડના અર્બન સેન્ટર ખાતે મેડીકલ ઓફીસર તરીકે નિમાયાં√

☯ આલોક ઉમેશભાઈ વસાવડાએ ગાંધીનગર સ્થિત ઓસ્ટ્રેલીયન કંપની BECAREમાં બઢતી મેળવી.

રાજકોટ: ઉનાવાથી પ્રસિધ્ધ થતાં જ્ઞાતિપત્ર "નાગરબંધુ" દ્વારા યોજાયેલ રાષ્ટ્રભાષા નિબંધ સ્પર્ધા "આપણો માણહ નરેન્દ્ર મોદી"માં ૩૦૦ સ્પર્ધકોમાંથી હૃદયસ્પર્શી લખાણ બદલ શ્રી ભરતભાઈ અંજારીયાનો નિબંધ પસંદગી પામી પ્રસિધ્ધિ પામ્યો.

☯ હર્ષલ ભરતભાઈ અંજારીયા આર.કે. યુનિવર્સિટીમાં લાયબ્રેરીયન તરીકે જોડાયા.

## સગપણ સગાઈ :

(૧) અમદાવાદ સ્થિત અભિષેક રમેશભાઈ વછરાજાનીનું સગપણ ભુજ સ્થિત પ્રકૃતિ હિતેન્દ્રભાઈ અંતાણી સાથે. જુનાગઢના કુ. નિધિ જયેશ માંકડનું સગપણ અમદાવાદના ચિરાગ કમલેશ હાથી સાથે. (૨) રાજકોટ નિવાસી શ્રીમતી નિષ્ઠાબેન કેતનભાઈ મંકોડીનાં પુત્રી સ્તુતિનું સગપણ અમદાવાદ સ્થિત ડો. હેમાબેન વિકાસીનભાઈ દેસાઈના પુત્ર ઋત્વિજ સાથે.(૩) રાજકોટના સૌ. ક્રિશ્નાબેન તથા મનોજભાઈ દેસાઈના પુત્ર જૈનીકનું સગપણ વડોદરા સ્થિત સૌ. કેયુરીબેન તથા અમીતભાઈ ઓઝાનાં પુત્રી પાયલ સાથે.(૪) ભુજના કુશાગ્રભાઈ વોરાના પુત્ર સમીરનું સગપણ ભુજના નયનભાઈ વૈશ્નવનાંપુત્રી મૌની સાથે. (૫) ભુજ સ્થિત દિવ્યાંશુ ધોળકિયાનાં પુત્રી મેઘાલીનું સગપણ ભુજના હરેશભાઈ વૈશ્નવના પુત્ર મેહૂલ સાથે.(૬) જામનગરનાં કૃપા ઈલેશકુમાર માંકડનું સગપણ ભુજના મુકુલભાઈ જનકભાઈ ધોળકિયાના પુત્ર વિહંગ સાથે. (૭) જામનગરના કુલદીપ ઈલેશકુમાર માંકડનું સગપણ અમદાવાદ નિવાસી હેતા આશિષભાઈ દેસાઈ સાથે. (૮) વડોદરા સ્થિત શ્રીમતી મયુરીબેન – હરેશભાઈ મારૂના પુત્ર તરંગનું સગપણ શ્રીમતી જાનકીબેન –ડો. બંકીમભાઈ બુચનાં પુત્રી ઉર્વી બુચનાં પુત્રી સાથે.

**પ્રભુતામાં પગલાં :** રાજકોટના સ્મિત વિભાકરભાઈ માંકડના લગ્ન ગાંધીનગર સ્થિત ખુશ્બૂ અજયભાઈ ઢેબર સાથે. જૂનાગઢના પ્રતિક નીતિનભાઈ ઓઝાના લગ્ન નિધિ સાથે. જામનગર નિવાસી શ્રીમતી હેમાક્ષીબેન તથા પરિમલભાઈ માંકડના પુત્ર ઉજ્જવલના લગ્ન ભાવનગર નિવાસી શ્રીમતી દામિનીબેન તથા મયંકભાઈ ઓઝાનાં પુત્રી નૈસર્ગી સાથે

કેટલીક અગત્યની નોંધ : (૧) પરિણામ માત્ર ધો. ૧૦-૧૨ના છાપવામાં આવે છે. (૨) એસ.એસ.સી./ એચ.એસ.સી., કોલેજમાં શાળા, કેન્દ્ર કે બોર્ડ/યુનિ.માં પ્રથમ દસમાં સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓ ના જ અને સ્નાતક અનુસ્નાતક કક્ષામાં પ્રથમ વર્ગ સાથે ઉત્તીર્ણ થયેલ દરેક ઈચ્છુક વિદ્યાર્થી/નીના ફોટા છાપવામાં આવે છે. માત્ર આવી વીગત સાથે જ દાદા- દાદી, નાના-નાનીના નામ અને આપવામાં આવે છે જે પાછળનો ઉદ્દેશ અન્ય વિદ્યાર્થીઓને પ્રેરણાનો, બીજો યુવાનોનો અને કુટુંબનો 'સામાજીક પરિચય'નો છે. આ સિવાય બંને લેવામાં આવતાં નથી. કોઈપણ ફોટા માટે વીગત સાથે રૂા. ૫૦/- પ્રોસેસ ખર્ચ પેટે મોકલવાના રહે છે. (૩) ગત માસમાં ઈન્ટરનેટ ક્ષતિગ્રસ્ત થતાં ઈમેઈલથી મળેલા ઘણા સમાચારો લ.વિ. જાહેરાતો ગતાંકમાં લઈ શકેલ નહીં જેને અમે (√આ નિશાનીવાળા) આ અંકમાં સામેલ કરી રહયા છીએ, આ કારણે તેમજ જ્ઞાતિના વિદ્યાર્થીઓના ઉચ્ચ પરિણામને અગ્રતા આપતાં સ્થળ સંકોચને કારણે ઓછા અગત્યના ઘણા સમાચાર આવતા અંકમાં વાંચશો.



આપના સ્નેહી સંબંધીઓને સોશ્યલ નેટવર્કીંગ સાઇટસ ઉપર બરછી વિશે જાણકારી આપીને.

# પરીક્ષાના પરિણામ

(પરિણામ ટકા (પર્સન્ટેજ)માં આપવા વિ. છે. આવતા અંક માટે SMS ફોન પત્રથી આપી શકો છો)

**એસ.એસ.સી.**

| | | |
|---|---|---|
| વિધેય પ્રદીપ જોષીપુરા | ૯૫% | જુનાગઢ |
| સોનલ મુકુલ ખારોડ | ૯૨% | જુનાગઢ |
| પરી રાજેશ ખારોડ | ૮૬% | જુનાગઢ |
| પ્રગતિ કલ્પેશ અવાશીયા | ૮૩% | જુનાગઢ |
| પ્રયાગ નિરેન વસાવડા | ૭૨% | જુનાગઢ |
| કામના અમિત ઘોડા | ૭૯% | જુનાગઢ |
| કર્ણાદ વોરા | ૬૨% | જુનાગઢ |
| સોનલ મુકુલ ખારોડ | ૯૧% | જુનાગઢ |
| આયુષ અજય વૈષ્ણવ | ૮૧% | જુનાગઢ |
| હિરવા હેમલ નાણાવટી | ૭૫% | જુનાગઢ |
| પ્રગતિ કલ્પેશ અવાશીયા | ૮૨% | જુનાગઢ |
| કલ્પક કેતન ઝાલા | ૮૬% | પોરબંદર |
| ગૂંજન જયેશ પોટા | ૭૫% | પોરબંદર |
| ધ્રુવી દર્શક પોટા | બીજો વર્ગ | " |
| મેઘ જયંત બુચ | ૭૪% | ગાંધીનગર |
| પ્રાંજલી રાજીવ મારૂ | ૯૫% | રાજકોટ |
| માર્મિક જિજ્ઞાષુ ઢેબર | ૯૩% | રાજકોટ |
| ભાર્ગવ વિમલ મહેતા | ૮૫% | રાજકોટ |
| ભૌમિક ચિરાયુ વસાવડા | ૮૦% | રાજકોટ |
| ભાષા પૂર્ણેન્દુ દેસાઈ | ૯૨% | રાજકોટ |
| ધર્માંગ જયેશ કિકાણી | ૮૦% | રાજકોટ |
| નિષાદ નીલેશ કિકાણી | ૭૬% | રાજકોટ |
| નિષ્ઠા અંશુમાલી દેસાઈ | ૮૬% | રાજકોટ |
| માનસી દિવ્યાંગ વસાવડા | ૮૫% | જામનગર |
| મેઘા રાહુલ માંકડ | ૯૨% | જામનગર |
| કેશા કેતન ધોળકિયા | ૭૯% | જામનગર |
| પલ્લક હર્ષાંગ ઢેબર | ૭૯% | જામનગર |
| ચાર્મી નવનીત વૈશ્નવ | ૯૩% | જામનગર |
| ઓજસ્વી એન. ઢેબર | ૮૮% | ખંભાળીયા |
| ઉજાત હેમાંગ અંતાણી | ૮૬% | વડોદરા |
| તેજસ ધવલ વછરાજાની | ૯૩% | વડોદરા |
| વિશ્વા વિરલ વોરા | ૯૪% | અમદાવાદ |
| સાક્ષી ઓઝા | પ્રથમ વ. | " |
| ધરીન તરલ ઓઝા | પ્રથમ વ. | અમદાવાદ |
| મનન જતીન મહેતા | ૯૦% | ગાંધીનગર |
| દિવ્ય સમીર વસાવડા | ૮૮% | ગાંધીનગર |
| દિશાંક જયમીન નાણાવટી | ૮૩% | વડોદરા |
| નિર્મીત પરીન દેસાઈ | ૭૨% | ગોંડલ |
| કર્મા ભાર્ગવ વોરા | પ્રથમ વર્ગ | ઉના |
| સૌમ્યા મિતેષ વોરા | ૮૪% | ઉના |
| ધ્રુવિત ભવજીત વસાવડા | ૯૦% | ભાવનગર |
| તીર્થ ઓઝા | ૮૩% | ભાવનગર |
| જૂઈ ઉજ્જવલ મહેતા | ૮૮% | મુંબઈ |
| યેશા જિજ્ઞેશ | ૯૦% | મુંબઈ |

**એચ.એસ.સી. (વિ. પ્ર.)**

| | | |
|---|---|---|
| દેવાંશુ બિમલ સ્વાદિયા | ૮૦% | વલસાડ |
| કોષા નવનીતભાઈ વૈશ્નવ | ૭૧% | જામનગર |
| રાજ કેયુરભાઈ બક્ષી | ૯૯% | જામનગર |
| નીલ દર્શન મંકોડી | ૭૯% | જામનગર |
| કર્ણવ મનીષ કિકાણી | ૯૨% | અમદાવાદ |
| સુરાગી શીતલ નાણાવટી | ૮૧% | જુનાગઢ |
| મેઘ મેહુલ વૈષ્ણવ | ૮૦% | જુનાગઢ |
| નિશી તારક મહેતા | ૯૦% | મુંબઈ |
| ખેવના વિશ્વેશ વૈશ્નવ | પ્રથમ વ. | રાજકોટ |
| કલગી જીતેશ ઓઝા | પ્રથમ વ. | રાજકોટ |
| વૃષભ રાકેશ બુચ | પ્રથમ વ. | મુંબઈ |

**એચ.એસ.સી. (સા. પ્ર.)**

| | | |
|---|---|---|
| વિદ્વત્તા કિરણ બુચ | ૮૬% | રાજકોટ |
| વિશ્રુત ઉદય માંકડ | ૯૨ | રાજકોટ |
| યેશા રાજુલ કિકાણી | ૯૧% | રાજકોટ |
| નીરવ દક્ષેષ ઓઝા | બીજો વ. | રાજકોટ |
| યશ જ્યોતિન્દ્ર ધોળકિયા | ૮૦% | વેરાવળ |
| ઈશા હરેશ વસાવડા | ૭૬% | જુનાગઢ |
| હીમાની નિમીષ ધોળકિયા | ૮૧% | વડોદરા |
| ખુશાલી પરજભાઈ મહેતા | ૮૩% | વડોદરા |
| કૃતિ ચિરાગ બક્ષી | ૮૭% | વડોદરા |
| કથન રાજેન્દ્ર ઓઝા | ૭૩% | પોરબંદર |
| તર્જની પાર્થિવ માંકડ | ૭૦% | ગાંધીનગર |
| આરોહ નીલેશ અંજારીયા | પ્રથમ વ. | અમદાવાદ |



e mail- fb-WhatsApp ઉપર KKBના પ્રસાર/લવાજમ પૂરતા પ્રચાર માટે 'મેસેજ' તૈયાર કરી ગ્રુપમાં 'ફોરવર્ડ' કરીને

## ----- લગ્ન વિષયક જાહેરાત -----

(ગતાંકમાં લ. વિ. જાહેરાત લઈ શકાયેલ નહીં જે પ્રકાશિત કરી રહયા છીએ...વધુ હોવાથી ફોન નં. મેળવવા સવારે ૧૨ થી ૧ સાંજે ૭ થી ૯ દરમ્યાન કાર્યાલયે ફોન કરવા વિ. -તંત્રી)

(1) બી.કોમ. એમ.બી.એ. , ૬/૧૯૮૩, ઉ. ૫'.૧૧" એકસીસ બેંકમાં મેનેજર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. ૦૨૮૧-

(2) બી.ઇ.(ઇસી) ૧૦/૧૯૮૪, ઉં. ૫'.૭" યુજીસ કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૮-

(3) બી.ઇ.(ઇલે.)જ. ૧૧/૧૯૮૮, ઉં. ૫'.૭" જીઈબીમાં નોકરી કરતા બ્રા. યુવકને કન્યા. (મોસાળ નાગર) સંપર્ક : ૦૨૮૩૨-

(4) બી.કોમ.,એમ.બી.એ., જ. ૧/૧૯૮૫, ઉં. ૫'.૭" ગાંધીનગર ખાતે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૭૯-

(5) બી.કોમ. ટેલી. એકા. જ ૮/૧૯૮૧ નિર્દોષ છુટાછેડા થયેલ યુવતીને યુવક સંપર્કઃ-૦૨૮૫-

(6) બી.બી.એ.(ફાઇ.)જ. ૧૨/૧૯૯૦, ઉં. ૫'.૪" નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧-

(7) એમ.એસ.સી.(બાયો.)બી.એડ,જ. ૧૧/૧૯૮૮, ઉં. ૫'.૫" માંગલિક કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૮-

(8) બી.બી.એ., જ. ૩/૧૯૮૬, ઉં. ૫'.૧" નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧-

(9) બી.કોમ., જ. ૫/૧૯૮૦, ઉં. ૫'.૩" કન્યાને યુવક. સંપર્ક : જેતપુર મો.

(10) બી.કોમ., ૯/૧૯૯૦, ઉં. ૫'.૨" ગાંધીનગર ખાતે નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૭૯-

(11) માસ્ટર ઓફ ફિઝીયો. જ. ૧૦/૧૯૮૭, ઉં. ૫'.૪" લેકચરર તરીકે નોકરી કરતી કન્યાને સમકક્ષ યુવક. સંપર્ક : ૦૨૮૮-

(12) બી.કોમ., પીજીડીસીએ, જ.૮/૧૯૮૨, ઉં. ૫'.૭" TCS માં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક:૦૨૮૧-

(13) બી.કોમ., જ.૧૨/૧૯૮૫, ઉં. ૫'.૨" એચ.ડી.બી. ફાઈનાન્સમાં આસી. મેનેજર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧-

(14) ફિઝીયોથેરાપીસ્ટ, જ.૧૧/૧૯૮૮, ઉં. ૫'.૮" નોકરી કરતી કન્યાને ઉંચાઈ અભ્યાસમાં સમકક્ષ યુવક. સંપર્ક : ૦૭૯-√

(15) બી.કોમ.,એમબીએ., જ.૬/૧૯૮૭, ઉં. ૬'.૨" પૂના ખાતે રીટેલ માર્કેટીંગમાં (બદલી થઈ શકે) કાર્યરત યુવકને કન્યા. સંપર્ક : ૦૭૯-√

(16) બી.કોમ.,એમબીએ.,(લંડન યુનિ.) જ.૬/૧૯૭૬, ઉં. ૬'.૨" સારી નોકરી કરતા યુવકને સમકક્ષ કન્યા. સંપર્ક : ૦૭૯-√

(17) બી.કોમ.,સ્પે. એલએલ.બી., કંપની સેક્રેટરી, જ.૧૦/૧૯૮૮, ઉં. ૫'.૭" નોકરી કરતી ના. બ્રા. કન્યાને યુવક. સંપર્ક : ૦૨૬૫- √



અમે માનીએ છીએ કે આખું વર્ષ જ્ઞાતિ માટે ફાળવતાં સૌ કોઈ વાંચકોની વાહ સાથે શુભેચ્છા જ મળી છે

**આપના ઘર કે ઓફીસને કલરકામ કરાવી આકર્ષક રૂપરંગ આપો..**

નવા તથા જૂના ઘરને...

- ✪ કલરકામ
- ✪ રીનોવેશન
- ✪ વોટરપ્રુફીંગ
- ✪ સ્પેશ્યલ કોટીંગ કલરથી

આકર્ષક અને ટકાઉ બનાવવા માંગતા હો તો એકવાર અમારો સંપર્ક અવશ્ય કરશો..

- ✪ બજારભાવ કરતાં વ્યાજબી ભાવની ખાત્રી...

**જયેશ વસાવડા – અમેરીકન કલર**

**મો. ૯૮૯૮૧૭૦૮૧૩ / ૯૦૬૭૪૯૩૧૧૭**



**પરણે દિકરી વ્હાલી...**

**શરણાઈથી વિદાઈ સુધી...**

Ahmedabad | Vadodara | Rajkot | Gandhidham

Concept Wedding Planner ✤ DJ & Music ✤ Food & Catering ✤ Theme Decoration ✤ Mehndi ✤ Doli & Baggi ✤ Dance Group Artist ✤ LED Video Screen ✤ Photo & Video Shooting

✤ **Concept Wedding Planner**

Pallav Devendrabhai Mankad

Cell: 9624889707

UNLIMITED SOURCE

Making Dream Wedding Comes True

**Unlimited Source**

www.unlimitedsource.in

Gayatri Nagar 2, Hasanwadi, "Shri Ramkrupa" Rajkot - Gujarat - India

Email: unlimitedsource2010@gmail.com, kssource@gmail.com

## ABM TRAVELS

**Honeymoon tours :**

Kerala/Rajasthan/Himachal/Goa

Mauritius/Maldives//Bali/Sri Lanka

Langkavi-Penang/Phuket-Krebi-Samui

Mountain Resort

Nainital-Mussoorie/Darjeeling-Gangatok

Ooty-Kodaikanal/Mt.Abu/Leh-Ladakh

**Wildlife Tours :**

Sasan Gir/Ranthanbore/Sarisca/Corbett/

Kaziranga/Kanha-Bandhavgarh/Madumalai

Bandipur/Coorg/Kabini

**Pilgrims :**

CharDham/ Amarnath/Kailas-Mansarovar

Vaishnodevi/Tirupati/Ashta Vinayak

Panch Jyotirlings/Shirdi-Shinganapur

**Cruise tours :**

STAR cruise: MSC cruise Royal Caribbean : Coast a

**Booking of International destinations :**

SOTC # THOMAS COOK # COX & KING

STAR TOURS # NEEM Holidays # KESARI

**Avinash Mehta, Mumbai # 09820817318**

**abmtravels@gmail.com**

નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર

**સુધીરભાઈ ચંદ્રશંકર શુકલ**

ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં, સિદ્ધપુર. ફોન : ૨૭૬૭–૨૨૧૯૩૫

**KALAM KADCHHI BARCHHI-GRJ-23**

**Registration Valid upto 31-12-2011**

**If not delivered Pl. return to :**

Barchhi Karyalaya,Kotechanagar Main Rd,

Rajkot - 360 001..

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા

મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.ફોનઃ ૨૪૫૩૦૬૩



આ બે માસ આપના સહકારની અભિલાષા રાખીએને ? કકબરછીના...વનપ્રવશે ૫૧૦૦ સભ્યો જોડવાની નેમ છે.